385

વાંઝા(મુળ સૌરાષ્ટ્રના વતની) સા. અને શૈ. રીતે
પછાત વર્ગોની યાદી ક્રમાંકઃ ૭૮-અ, બાબતે
સ્પષ્ટતા કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ સશપ-૧૧૯૫-મુમ.-૭૧-અ.
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭-૮-૨૦૦૪

પરિપત્રઃ-

રાજય સરકારે જાહેર કરેલ સામાજિક અને શૈક્ષણીક રીતે પછાતવર્ગોની યાદીમાં ક્રમાંકઃ ૭૮ સામે વાંસફોડા, વાંસફોડીયા અથવા વાંઝા જાતિનો સમાવેશ કરવામાં આવેલ છે. ત્યાર બાદ તત્કાલિન સમાજ કલ્યાણ વિભાગના તા. ૪-૧૨-૧૯૯૫ના ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૧૯૫-મુમ.-૭૧-અ થી રાજય સરકારે સામાજિક અને શૈક્ષણીક રીતે પછાતવર્ગોની યાદીમાં ક્રમાંકઃ ૭૮-અ - સામે વાંઝા(મુળ સૌરાષ્ટ્રના વતની)જાતિનો સમાવેશ કરેલ છે. વાંઝા(મુળ સૌરાષ્ટ્રના વતની)જાતિના લોકો સામાજીક અને શૈક્ષણીક રીતે પછાતવર્ગનું પ્રમાણપત્ર મેળવવા અરજી કરે છે ત્યારે તેમની પાસેથી જાતિ પ્રમાણપત્ર આપનાર અધિકારીશ્રીઓ વાંસફોડા કે વાંસફોડીયા હોવાના આધાર પુરાવાઓ માંગે છે. આ બાબતે સ્પષ્ટતા કરવામાં આવે છે કે વાંઝા(મુળ સૌરાષ્ટ્રના વતની)જાતિ અને વાંસફોડા કે વાંસફોડીયા જાતિ અલગ-અલગ હોવાથી, વાંઝા(મુળ સૌરાષ્ટ્રના વતની)જાતિના અરજદારો પાસેથી વાંસફોડા કે વાંસફોડીયાના આધાર પુરાવાઓ લેવાના રહેતા નથી.

વાંઝા(મુળ સૌરાષ્ટ્રના વતની)જાતિના અરજદારોના વ્યવસાયને ધ્યાને ન લેતા શાળા છોડ્યાના રેકર્ડમાં કે અન્ય રેવન્યુ કે આનુષંગિક પુરાવાનું મુલ્ય ધરાવતા રેકર્ડમાં વાંઝાનો સ્પષ્ટ ઉલ્લેખ હોય અને તેમનું મુળ વતન સૌરાષ્ટ્ર હોય તો તે અંગેના જરુરી આધાર પુરાવા રજુ કરે તો જરુરી ચકાસણી બાદ વાંઝા (મુળ સૌરાષ્ટ્રના વતની) હોવાનું પ્રમાણિત થાય તો જ જાતિ પ્રમાણપત્ર આપવા- સામાજિક અને શૈક્ષણીક રીતે પછાતવર્ગનું પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ સતાધિકારીશ્રીઓને આથી સુચના આપવામાં આવે છે.

વધુમાં દરજી જાતિનો સામાજિક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગોની યાદીમાં હાલ સમાવેશ થયેલ નથી, આથી દરજી જાતિના કોઇ પણ લોકોને સામાજિક અને શૈક્ષણીક રીતે પછાતવર્ગનું પ્રમાણપત્ર આપી શકાશે નહી. વળી સામાજિક અને શૈક્ષણીક રીતે પછાતવર્ગનું પ્રમાણપત્ર મેળવવા જે તે વર્ગના લોકોને મુશ્કેલી ના પડે અને આવા પ્રમાણપત્રોનો અન્ય ભળતી જાતિ ગેરલાભ ના મેળવે તે આશયથી આ સ્પષ્ટતા કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતિ એસ.આર.ભુરીયા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર.
સર્વે નાયબ નિયામકશ્રીઓ (વિકસતી જાતિ)

(પાછળ)

સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (વિકસતી જાતિ)
સર્વે કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.....................તેમના તાબાના અધિકારીશ્રીઓના ધ્યાને લાવવા વિનંતી સહ.
સીલેકટ ફાઇલ